# ગુજરાતમાં કોરોનાના વધુ ચાર કેસ, કુલ ૩૯

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધીને ૩૯ ઉપર પહોંચી ગઈ છે જેમાં અમદાવાદમાં પોઝિટિવ કેસોની સંખ્યા સૌથી વધુ ૧૪ નોંધાઈ છે. આવી જ રીતે ગુજરાતમાં કેસોને રોકવા માટે વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. એક પછી એક પગલાનો દોર જારી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના ચાર કેસ નોંધાતા કેસોની સંખ્યા વધીને ૩૯ ઉપર પહોંચી છે. ગુજરાતમાં ૨૦૬૮૮ દર્દીઓ ૧૪ દિવસના ક્વોરેનટાઈન હેઠળ ૧૪૭ વ્યક્તિઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અગ્રસચિવ જ્યંતિ રવિએ આજે કોરોના વાયરસના વ્યાપ અને સંક્રમણને રોકવા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાની માહિતી આપી હતી. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ જયંતિ રવિએ જણાવ્યું છે કે કોરોના વાયરસને આગળ વધતો તેમજ તેનું સંક્રમણ અટકાવવા માટે રાજ્ય સરકારે સર્વેલન્સ અને ટ્રેકિંગને વધુ સઘન બનાવ્યું છે. આજ સુધીમાં રાજ્યમાં ૧,૦૭,૬૨,૦૧૨ નાગરિકોનું સર્વેલન્સ-ટ્રેકિંગ પૂર્ણ કરાયું છે. આજે સવારે કોરોના વાયરસ સંદર્ભે રાજ્ય સરકારે કરેલ કામગીરીની વિગતો મીડિયાને આપતા ડૉ. રવિએ ઉમેર્યુ કે આજે રાજ્યમાં વધુ ત્રણ નવા કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે કુલ ૩૮ પોઝિટિવ કેસ નોંધાયા છે આજે જે ત્રણ કેસ નોંધાયા છે તેમાં એક અમદાવાદમાં જે દુબઈની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે અને એક-એક વડોદરા અને સુરતમાં છે જે સ્થાનિક ટ્રાન્સમિશનના કારણે નોંધાયો છે. આજદિન સુધી અમદાવાદમાં ૧૪, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૩, વડોદરામાં ૦૭, ગાંધીનગરમાં ૦૬ અને કચ્છમાં ૦૧ કોરોનાનો પોઝિટિવ કેસ નોંધાયો છે. રવિએ ઉમેર્યુ હતું કે રાજ્ય સરકાર દ્વારા સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવાઈ છે. સર્વેલન્સ દરમિયાન ૫૦ વ્યક્તિઓમાં રોગની અસર જણાતા વધુ તપાસ કરવામાં આવી છે. રાજ્યમાં ૨૦,૬૮૮ નાગરિકો ૧૪ દિવસના કોરેન્ટાઈન હેઠળ છે જેમાં ૪૩૦ વ્યક્તિઓ સરકારી હોસ્પિટલમાં, ૨૦,૨૨૦ હોમ કોરેન્ટાઈન અને ૩૮ ખાનગી કોરેન્ટાઈન હેઠળ છે. જે લોકોએ કોરેન્ટાઈનનો ભંગ કર્યો છે તેવા ૧૪૭ વ્યક્તિઓ સામે એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. રાજ્યમાં ૧૦૪ હેલ્પલાઈન પણ કાર્યરત છે જેમાં અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ કોલ આવ્યા છે. જેમને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે જે પૈકી ૨૫૮ વ્યક્તિઓને સારવાર પુરી પડાઈ છે. ડૉ. રવિએ ઉમેર્યું હતું કે રાજ્યના ૪ મહાનગરોમાં કોરોના વાયરસ વાળા દર્દીઓની સારવાર માટે ખાસ હોસ્પિટલ કાર્યરત કરાઇ છે જેમાં અમદાવાદમાં ૧૨૦૦ બેડ, સુરતમાં ૫૦૦ બેડ, વડોદરા અને રાજકોટમાં ૨૫૦-૨૫૦ બેડની સુવિધા ઉપલબ્ધ છે. સાથે સાથે રાજ્યમાં ૧૫૮૩ આઈસોલેશન બેડ સરકારી હોસ્પિટલમાં અને ૬૩૫ બેડની વ્યવસ્થા ખાનગી હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે. અને વધુ બેડ ઉભા કરવાની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ છે. ગંભીર દર્દીઓને સારવાર માટે તમામ વિભાગોમાં થઈને સરકારી હોસ્પિટલ ખાતે ૬૦૯ વેન્ટિલેટર અને ખાનગી સંસ્થાઓમાં અંદાજે ૧૫૦૦ જેટલા વેન્ટિલેટર ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યુ કે રાજ્યની અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર તથા જામનગર ખાતેની મેડિકલ કોલેજોમાં કોવિદ-૧૯ અંતર્ગત લેબોરેટરી ટેસ્ટ માટે ટેસ્ટીંગની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કોરોના વાયરસ રોગનો ફેલાવો અટકે તે માટે સોશિયલ ડિસ્ટન્સિંગ અત્યંત અનિવાર્ય છે ત્યારે નાગરિકો પણ તેની ખાસ તકેદારી રાખે એ માટે રાજ્ય સરકાર દ્વારા અપીલ પણ કરાઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતમાં કોરોના વાયરસનોં કહેર વધતો જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા પાંચ કેસો સામે આવ્યા છે, જેમાં અમદાવાદ, સુરત અને વડોદરામાં વધુ એક-એક કોરોના પોઝિટિવના કેસ સામે આવ્યા છે. જયારે ગઈકાલે સાંજે રાજકોટના બે કોરોના પોઝિટિવ કેસનો સમાવેશ થાય છે. જેને પગલે સરકાર અને તંત્ર દોડતુ થઈ ગયુ છે. રાજયમાં કુલ નોંધાયેલા કોરાના પોઝિટિવના ૩૯ કેસોમાં સૌથી વધુ અમદાવાદમાં ૧૪ કેસ નોંધાયા છે. સરકાર અને તંત્રએ આ તમામ કોરોના પોઝિટિવના દર્દીઓની સઘન અને અસરકારક સારવાર શરૂ કરી છે અને સતત તેઓને ઓબ્ઝર્વેશન હેઠળ રાખી સમગ્ર પરિસ્થિતિ પર બાજ નજર રાખી રહી છે. વડાપ્રધાન મોદીએ ગત રોજ સમગ્ર દેશ માટે કોરોના વાયરસને ધ્યાને રાખી ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી છે. ત્યારે દેશમાં પણ કોરોના વાયરસના કારણે દર્દીઓની સંખ્યા વધી રહી છે. તો, ગુજરાતમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૪ નવા કેસ નોંધાયા છે. આ નવા કેસમાં જોઈએ અમદાવાદમાં ૧૪, સુરતમાં ૭, રાજકોટમાં ૪, વડોદરામાં ૭ અને ગાંધીનગરમાં ૬ તથા કચ્છમાં ૧ કેસ સામે આવ્યો છે. આમ કુલ મળી ગુજરાતમાં ૩૯ કેસ નોંધાયા છે. આમ, અમદાવાદ, વડોદરા અને સુરતમાં એક-એક નવા કોરોના પોઝિટિવના કેસો ઉમેરાયા છે. અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યુ કે અમદાવાદનો જે કેસ સામે આવ્યો છે, તેમાં એક મહિલાનો દુબઇ ટ્રાવેલનો કેસ છે. જયારે વડોદરા અને સુરતના બંને કેસો લોકલ ટ્રાન્સમીશનના છે એટલે કે, તેમને કોરોના વાયરસનો ચેપ લાગ્યો કોઈનાથી લાગી ગયો હશે. તેમણે કોરોનાની પરિસ્થિતિ વકરી રહી હોઈ લોકડાઉન દરમ્યાન પોત પોતાના ઘરોમાં જ રહેવા નાગરિકોને અપીલ કરી હતી.

## ગુજરાતમાં કોરોના કેસો

| શહેર | કેસ |
|---|---|
| અમદાવાદ | ૧૪ |
| વડોદરા | ૦૪ |
| સુરત | ૦૭ |
| રાજકોટ | ૦૪ |
| ગાંધીનગર | ૦૬ |
| કચ્છ | ૦૧ |
| ગુજરાતમાં કુલ કેસ | ૩૯ |

### રાજ્યના ૨ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોની દરિયાદિલી

## કોરોનાને નાથવા એક દિવસનો પગાર ૩૫ કરોડ રૂપિયા રાહતફંડમાં આપશે

કોરોનાને લઈ ગુજરાતની જનતા હેરાન પરેશાન છે. ગુજરાતમાં બુધવારે વધુ ત્રણ લોકો કોરોનાની ઝપેટમાં આવતા ૩૮ કેસ અત્યાર સુધી સરકારી ચોપડે નોંધાઈ ચુક્યા છે સરકાર કોરોનાને પ્રસરતો અટકાવવા પગલાં લઈ રહી છે. કોરોનાની આ મહામારીને પહોંચી વળવા માટે લોકો પોતાનાથી બનતો પ્રયાસ કરી રહ્યા છે. બીજાને ટેકો આપી રહ્યા છે. ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ મહત્વની જાહેરાત કરતા રાજ્યમાં ફરજ બજાવતા ૨ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો એક દિવસનો ૩૫ કરોડ રૂપિયા પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવાની મહત્વની જાહેરાત કરી હતી.

દેશમાં આપત્તિની સ્થિતિ સર્જાઈ છે ત્યારે સરકારે ગ્રાઉન્ડ જીરો પર કામ કરવા પ્રાથમિક શિક્ષકોની મદદ લીધી છે હાલ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકો આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે જોડાઈ કોરોનાને પ્રસરતો અટકવાવા સર્વેની કામગીરીમાં જોતરાયા છે. રાજ્યમાં ફરજ બજાવતા ૨ લાખ જેટલા શિક્ષકોએ તેમનો એક દિવસનો પગાર કોરોના સામે જંગ લડવા રાજ્ય સરકારને આપવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય પ્રાથમિક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કોરોનાની આ મહામારીને પહોંચી વળવા માટે લોકો પોતાનાથી બનતો પ્રયાસ કરી રહ્યા છે. બીજાને ટેકો આપી રહ્યા છે. ત્યારે ૨ લાખ શિક્ષકોનો ૩૪ કરોડ ૨૦ લાખ રૂપિયા મુખ્યમંત્રી રાહતનીધિ ફંડમાં જમા કરાવી ફૂલ નહીં તો ફૂલની પાખડી આપવાની જાહેરાત કરી હતી અને તમામ શિક્ષકમિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોડાસા રૂરલ પોલીસનો કોરોના સામે જંગ

### કિરાણા સ્ટોરે ધારકોને ૧ મીટર અંતર જાળવવા તાકીદ કરી, જાહેરસ્થળોએ બાંકડા ઉંધા કર્યા

મોડાસા, તા. ૨૫

કોરોના વાયરસને પગલે કેન્દ્ર સરકારે આખા દેશમાં મધ્યરાત્રીથી લોકડાઉનની જાહેરાત કરી છે. લોકો લૉકડાઉનનો કડક અમલ કરે તે માટે તંત્ર ખૂબ પ્રયાસ કરી રહ્યું છે. અરવલ્લી જીલ્લામાં અનેક જગ્યાએ લોકો લૉકડાઉનનું સમર્થન કરતા જોવા મળ્યા હતા તો અમુક જગ્યા પર લોકો પોલીસ સાથે ઘર્ષણમાં ઉતાર્યા હતા. મોડાસા રૂરલ પોલીસે તેમના વિસ્તારમાં આવતા કિરાણા સ્ટોર્સમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો વચ્ચે ૧ મીટરનું અંતર જળવાય તેની તાકીદ કરી અમલવારી કરાવી હતી. જાહેરસ્થળોએ રાખેલા બાંકડા પણ ઉંધા વાળી દઈ લોકડાઉનની ચુસ્ત અમલવારી કરાવવા મથામણ કરી રહી છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો. ડીવાયએસપી ઈશ્વર પરમારે પોલીસવડા મયુર પાટિલના માર્ગદર્શન હેઠળ રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા કિરાણા સ્ટોર અને ડેરી પાર્લર પર ખરીદી કરવા એકઠી થતી. ભીડમાં કોરોના પ્રસરતો અટકાવવા કિરાણા સ્ટોર અને ડેરી પાર્લર માલિકો સાથે ચર્ચા કરી દુકાનમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો વચ્ચે ૧ મીટર અંતર જળવાય તેવી સુવિધા ઉભી કરવા ફરજીયાતપણે અમલ કરવાની તાકીદ કરતા કિરાણા સ્ટોર્સ અને ડેરી પાર્લરના માલિકોએ પોલીસતંત્રને સહયોગ આપી એક-એક મીટરનું ગ્રાહકો વચ્ચે અંતર રહે તેવી વ્યવસ્થા ઉભી કરી હતી.

અરવલ્લી જીલ્લામાં કલમ-૧૪૪ લાગુ છે અને લોકડાઉન પણ અમલમાં હોવા છતાં મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં લોકો સરેઆમ ભંગ કરી રહ્યા છે. મોડાસા શહેર સહીત આજુબાજુના વિસ્તારમાં જાહેર સ્થળોએ અને પોલીસતંત્રની નજર ન પહોંચે તેવા વિસ્તારોમાં લોકો એકઠા થઈને ગપ્પા મારતા હોય છે. દરેક વિસ્તારોમાં જે તે કાઉન્સિલરો કે કોર્પોરેશન કે પછી ધારાસભ્ય, સાંસદ સભ્ય તરફથી બાકડા મૂકવામાં આવ્યા છે. સાંજના અને રાત્રીના સુમારે કેટલાક લોકો બાકડા પર બેસવા માટે એકઠા થતા હોય છે અને બોકડાઓ પર અડિંગો જમાવી પારકી પંચાયત કરતા હોવાનું મોડાસા રૂરલ પોલીસને ધ્યાને આવતા તેમના વિસ્તારના તમામ બાંકડાઓને જ ઉંધા કરી દીધા છે.






# અરવલ્લી પોલીસે સંકટ સમયમાં ભૂખ્યા લોકો માટે બની અન્નદાતા

### કાયદાની અમલવારી સાથે સંવેદનશિલ ખાખી ફૂડ પેકેટ વહેંચ્યા

મોડાસા, તા. ૨૫

કોરોના વાયરસને કારણે હાલ સમગ્ર ગુજરાતમાં ક્લોઝડાઉનની સ્થિતિ છે. જનતા મોડાસા શહેરમાં જરૂરિયાતમંદ લોકો માટે ફૂડ પેકેટનું વહેંચણી કરવામાં આવી હતી પોલીસતંત્રી કોરોના મહામારીમાં સરાહનીય છબી ધરાવતી પોલીસે સંવેદનશીલતા દર્શન કરાવ્યા હતા, મોડાસા શહેરમાં રસ્તાઓ પર રહેતાં અને મજૂરી કામ કરતાં



કર્ફ્યૂ હોય કે પછી લોકડાઉનની પરિસ્થિતિ અરવલ્લી પોલીસ હંમેશા લોકોની સેવામાં તૈયાર હોય છે. ગુજરાતમાં કોરોના વાયરસ પોઝેટીવ કેસોની સંખ્યા વધતાની સાથે સ્થિતિ લોકોમાં ભય છવાયો છે, લોકો લોકડાઉનની સ્થિતિમાં જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ ખરીદવા પડાપડી કરી રહ્યા છે. બીજી બાજુ રસ્તે રહેતાં અને છૂટક મજૂરી કરીને પેટ ભરતાં લોકોને ખાવાના ફાંફા પડી ગયા છે. ત્યારે અરવલ્લી પોલીસે કામગીરી સામે આવી હતી.

અરવલ્લી પોલીસતંત્રે લોકડાઉનની અમલવારી માટે ભારે પરસેવો પાડી રહી છે. મોડાસા શહેરના ચાર રસ્તા સહીત તમામ પ્રવેશદ્વારોએ બેરિકેડ ગોઠવી બેરીકેટ લગાવી વાહનચાલકોને અટકાવ્યા હતા. પોલીસે વાહનચાલકો સાથે ઘર્ષણમાં ઉતર્યા વગર વાહનચાલકોને સમજ આપી હતી તેમ છતાં ન માનતા ડંડાની ભાષામાં પણ કેટલાક વાહનચાલકોને સમજાવવાની ફરજ પડી હતી. એક બાજુ કડક અને નિઃસહાય લોકો ભૂખ્યા ના રહે અને લોકોને ભોજન મળી રહે તેવો ઉદ્દેશ સાથે લોકને આ ફૂડ વિતરણ કરવામાં આવ્યું હતું. રસ્તામાંથી પસાર થતા શ્રમિકો અને પગપાળા વતન તરફ વાટ ભણેલ પદયાત્રીઓને પણ ફૂડ પેકેટ આપી સરાહનીય કાર્ય કર્યુ હતું.

સંકટના આ સમયમાં પોલીસતંત્ર જાતે ભૂખ્યા, તરસ્યા રહી ખડેપગે લોકોના રક્ષણની કામગીરી તો કરી રહી છે સાથે સાથે માનવીય અભિગમ પણ જોવા મળી રહ્યો છે.

### આકાશી નઝારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. ગઈકાલે ગરમીનો પારો ઉંચો આવ્યા બાદ અચાનક જ વાદળિયા વાતાવરણથી નગરજનો પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. જયારે રાજયના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદનુ ઝાપટુ વરસ્યુ હતુ. જયારે શહેરમાં પણ ગરમીની અસર ઓછી વર્તાઈ હતી. માતાજીના ચૈત્ર નવરાતના પવિત્ર પર્વના પ્રારંભે બપોરના સમયે કેટલાક ઠેકાણે વરસાદના છાંટણા વરસ્યા હતા. શહેરમાં મોસમનો મિજાજ અચાનક જ બદલાતા કોરોના વાયરસની અસરથી ઘરમાં રહેલા પરિવારજનોએ આકાશી નઝારો નિહાળી ગમે ત્યારે વરસાદ વરસશે તેવી શક્યતા વ્યકત કરી હતી. પરંતુ શહેરમાં માત્ર કેટલાક ઠેકાણે વરસાદી છાંટણાના અંતે વાદળો વિખેરાઈ ગયા હતા. બીજીતરફ કમોસમી વરસાદના એંધાણના લીધે ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી હતી. થોડા સમય અગાઉ પણ વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. જયારે આજે લોકડાઉનની અસર વચ્ચે વાતાવરણ પલ્ટો પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. સવારથી જ વાતાવરણમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતા. જયારે ગમે ત્યારે વરસાદ વરસે તેવા આકાશી નઝારા વચ્ચે કોરોના સાથે મોસમનો મિજાજ પણ ચર્ચા સ્થાને રહ્યો હતો. મહત્તમ તાપમાન ૩૫.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૩.૬ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધ્યુ હતુ.

### શાકભાજીના ભાવમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ શાકભાજી ચાર દિવસ અગાઉ ૧૦ થી ૨૦ રૂમાં મળતા હતા. જયારે લોકડાઉનની અસરથી શાકભાજીના ભાવમાં પણ બિનજરૂરી વધારો કરી દેવાયો છે. શાકભાજીના વેપારીઓ ગ્રાહકો પાસેથી ઉઘાડી લુંટ કરી રહ્યા છે. પ્રત્યેક શાક દીઠ અંદાજિત રૂ ૧૦થી ૨૦ રૂપિયાનો વધારો લેવામાં આવી રહ્યો છે. લોકડાઉનની સ્થિતિમાં નાગરિકોને સસ્તા ભાવે શાકભાજી મળી રહે તેવી વ્યવસ્થા કરવા પણ આમ નાગરિકોએ માંગ ઉઠાવી છે.



**વડગામના પેપોળમા સરપંચ અને સેવાભાવી યુવક દ્વારા આર્યુવેદિક ઉકાળો ઘેર-ઘેર પિવડાવાયો**

વડગામ તાલુકાના પેપોળ ગામમાં સરપંચ તથા ગામના સામાજિક કાર્યકર દ્વારા મહોલ્લા દીઠ રીક્ષામાં આર્યુવેદિક ઉકાળો લઈને લોકોને પીવડાવવામાં આવ્યો હતો. પેપોળ ગામમાં સરપંચ ભરતસિંહ સોલંકી, ગામના સામાજિક યુવા કાર્યકર રાજુભાઈ જોષી તથા ગંભીરની પરમાર દ્વારા વડગામ આર્યુવેદિક હોસ્પિટલ ખાતેથી લાવીને ગામમાં મહોલ્લા દિઠ ફરીને લોકોને આર્યુવેદિક ઉકાળો પિવડાવામા આવ્યો હતો. સમગ્ર દેશમાં કોરોનાએ હાહાકાર મચાવી છે. ત્યારે લોકોને મહામારી સંક્રમણથી બચાવવા ઠેર-ઠેર ઉકાળો પિવડાવામા આવી રહ્યો છે.

### ૨૧ દિવસનો જંગ... ● પહેલા પાનાનું ચાલુ

આધાર પર અમે આ યુદ્ધ જીતવા જઈ રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે, કોરોનાની સામે આ યુદ્ધમાં કાશી અથવા તો વારાણસીના લોકોની સૌથી મહત્વની ભૂમિકા રહેશે. લોકડાઉનના સમયમાં વારાણસી દેશને સંયમ અને સહનશીલતા માટે માર્ગદર્શન આપે છે. કાશીનો અર્થ કલ્યાણ તરીકે થાય છે. મહાદેવની નગરીમાં જો આ તાકાત રહેશે નહીં તો અન્ય કોનામાં રહેશે. કોરોનાને લઈને દેશમાં વ્યાપક તૈયારી ચાલી રહી છે પરંતુ અમને ધ્યાન રાખવું છે કે, ઘરમાં રહેવાની બાબત જ એકમાત્ર વિકલ્પ છે. કેટલાક લોકોએ પ્રશ્ન કર્યો હતો કે, ગરમીની સ્થિતિમાં વાયરસ પોતાનીરીતે ખતમ થઈ જાય છે. અમારી બનાવટ એવી છે કે, અમને કોરોના થઈ શકે નહીં એવી વિચારધારા ધરાવતા લોકોને શું સંદેશ છે તેના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, લોકોની એવી ટેવ હોય છે કે, જે બાબત તેમના માટે અનુકુળ હોય છે તેને માની લેવામાં આવે છે. તેમાં જરૂરી અને ધ્યાન આપવાની બાબત છુટી જાય છે. આ બિમારીની સૌથી મોટી બાબત એ છે કે, આમા અમીર ગરીબને જોવા માટે કોઈ કારણ નથી. આ વાયરસ એવા લોકોને પણ સકંજામાં લઈ લે છે જે પોતાના આરોગ્યનું ધ્યાન રાખે છે. ધ્યાન રાખવાની જગ્યા બિમારી કેટલી ભયાનક છે તેની કાળજી લેવાની જરૂર છે. કેટલાક લોકો સમજી રહ્યા છે પરંતુ અમલીકરણ કરી રહ્યા નથી. લોકોને ધ્યાન છે કે, સાવચેતી શું રાખવી જોઈએ. સિગારેટ અને પાનમસાલાથી કેન્સર થાય છે. આ બાબત તેમને ખબર હોય છે પરંતુ સાવચેતી રાખતા નથી.

### કમાન્ડર અને જનતા... ● પહેલા પાનાનું ચાલુ

છે. તેમણે કહ્યું હતું કે, કટોકટીના સમયમાં વડાપ્રધાન, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ પૂર્ણ સમર્થન આપવાની જરૂર છે. તમામ લોકોએ પોતાના કર્તવ્યો પાળવા જોઈએ. જો કે, ચિદમ્બરમે કહ્યું હતું કે, આ તેમના અંગત વિચાર છે. પાર્ટીને આની સાથે કોઈ લેવા દેવા નથી. તમામ લોકો જાણે છે કે, વડાપ્રધાને મંગળવારના દિવસે કોરોના વાયરસના ફેલાવવાને રોકવા માટે અભૂતપૂર્વ પગલું લઈને દેશમાં ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરી છે. ત્યારબાદ કેન્દ્ર સરકારે કહ્યું છે કે, આઅવધિના ગાળા દરમિયાન તમામ રેલવે, માર્ગ અને વિમાની સેવા બંધ રહેશે. ચિદમ્બરમે પણ લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરી છે. સાથે સાથે કોરોના સામેના જંગમાં મદદ કરવાની પણ અપીલ કરી છે. કેન્દ્ર સરકારને આપવામાં આવેલા સૂચનમાં ચિદમ્બરમે લોકોને વેતન અને નોકરીને સુરક્ષિત જાળવવા અપીલ કરી છે. વડાપ્રધાને કિસાન સન્માન નિધિ યોજના હેઠળ મળનાર નાણાંકીય મદદને હાલમાં છ હજારથી વધારીને ૧૨ હજાર કરવાની વાત કરી છે.

### ૭૪૩ના મોત... ● પહેલા પાનાનું ચાલુ

બ્રુસાફેરોએ કહ્યુ હતુ કે આ સકારાત્મક નંબર છે. પરંતુ સ્થિતી સુધરી રહી છે તેમ કહેવા માટે સાહસ કરી શકાય નહીં.ઈટાલી સરકાર ભારે પરેશાન છે. સ્થિતીને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. બીજા વિશ્વ યુદ્ધ પહેલી સપ્ટેમ્બર ૧૯૩૯થી શરૂ થયા બાદ બીજી સપ્ટેમ્બર ૧૯૪૫ સુધી ચાલ્યું હતું. એટલે કે છ વર્ષ સુધી આ વિશ્વ યુદ્ધ ચાલ્યું હતું. આ ગાળા દરમિયાન ઈટાલીમાં ૪૫૪૬૦૦ લોકોના મોત થયા હતા. એટલે કે એક દિવસમાં ૨૦૭ લોકોના મોત એ ગાળા દરમિયાન થયા હતા પરંતુ કોરોનાથી આના કરતા વધુ લોકોના મોત થઈ રહ્યા છે. હવે સ્થિતીને પહોંચી વળવા માટે સેનાને બોલાવવા માટેની ફરજ પડી રહી છે. ઈટાલીમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. વસ્તીમાં મોટા ભાગના લોકો મોટી વયના લોકો રહેલા છે. ટેસ્ટિંગમાં કમીના કારણે મૃત્યુદરમાં વધારો થઈ રહ્યો છે. ઈટાલીમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે દુનિયામાં સૌથી વધારે ખરાબ હાલત ઈટાલીની થઈ છે. વિશ્વ યુદ્ધ દરમિયાન પણ આટલી મોટી સંખ્યામાં લોકોના મોત એક દિવસમાં થયા ન હતા. ઈટાલીમાં સતત બે દિવસમાં રેકોર્ડ સંખ્યામાં લોકોના મોત થયા છે. વિશ્વ યુદ્ધ દરમિયાન એક દિવસમાં સરેરાશ ૨૦૭ લોકોના મોત થયા હતા.

### પ્રિન્સ ચાલ્સ... ● પહેલા પાનાનું ચાલુ

કાસલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. બ્રિટનના મહારાણી એલિઝાબેઝ-૨ને પહેલાથી બર્મિંગ્હામ પેલેસથી ખસેડી લેવામાં આવ્યા છે. તેમને વિન્ડસરમાં લઈ જવાયા છે. શાહી જવાબદારી છોડી ચુકેલા પ્રિન્સ હેરી અને તેમના પત્નિ મેગાન માર્કેલે સંદેશ આપ્યો છે કે, કોરોના વાયરસના પરિણામ સ્વરુપે માનસિક અને ભાવનાત્મકરીતે ટેન્શનમાં રહેલા લોકોને મદદ કરવાની તેમની ઈચ્છા છે. કોરોના સામે લડવા સંશાધનો અને સૂચના પાળવામાં આવે તે જરૂરી છે. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સને દેશમાં કોરોનાને ફેલાતા રોકવા માટે લોકોની અવર જવર પર પ્રતિબંધ લાદી દીધા છે. બોરિસે કહ્યં છે કે, કોઈપણ વડાપ્રધાન પોતાના લોકો પર આ પ્રકારના દબાણ લાવી શકે નહી પરંતુ સ્થિતિ એવી છે કે, હાલમાં પ્રતિબંધની જરૂર છે. ત્રણ સપ્તાહ માટે અવરજવર પર બ્રેક મુકવાનો અમલ બ્રિટનમાં જારી કરવામં આવ્યો છે.

### છેતરપિંડીની ફરિયાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છાપકામના આર્ડર આપ્યા હતા. જે ઓર્ડરના આધારે કંપની દ્વારા રૂ.૧૬,૭૩,૧૦,૦૦૦ બીલ મુકવામાં આવ્યું હતું અને જીસીઈઆઈઆરટી દ્વારા બિલની ચુકવણી પણ કરી દેવામાં આવી હતી. ૨૦૧૪-૧૫ ના નાણાકીય વર્ષમાં ઓડિટમાં ધ્યાને આવ્યુંહતું કે રિલાયેબલ કંપનીએ ટેન્ડરના ભાવમાં છેડછાડ કરીને વધારે પૈસા પડાવ્યા છે. ટેન્ડર ફોર્મ અને તેને લગતા કાગળ હિસાબી અધિકારી એચ.જી.પટેલ પાસે રહેતા હતા. જેમાં સુધારા કરીને કંપનીએ કરેલા કામ કરતારૂ.૬,૬૮,૮૪,૦૦૦ વધારે પૈસા લીધા હતા. જેને પગલે ડિરેકટર નિકુંજ ઠેકડી સામે ફરીયાદ દાખલ થઈ છે. જીસીઈઆઈઆરટીના નિયામકે રિલાયબેલ કંપનીના ડિરેકટરોને નોટીસ પાઠવીને બોનાફાઈડ બતાવવા અને રકમ જમા કરાવવા જણાવ્યું હતું. જેની સામે કંપનીએ હાઈકોર્ટમાં અરજી કરતા વચગાળાનો આદેશ કરાયો હતો. ફ્રેબુઆરી ૨૦૨૦માં હાઈકોર્ટે પિટિશનનો નિકાલ કર્યો હતો. માર્ચમાં ફોજદારી કાર્યવાહી કરવા મંજુરી આપી હતી. જે બાદ જીસીઈઆઈઆરટી દ્વારા આ મુદ્દે પોલીસ ફરીયાદ નોંધાવવા આવી છે.